# રાજ્યના વિવિધ ભાગોમાં ભારે વરસાદ

## તાપીના નિર્ઝર અને નડિયાદમાં બરફના કરાની સાથે તોફાની વરસાદ પડતાં લોકો આશ્ચર્યચકિત : વૃક્ષો ધરાશાયી થયા : માંડવી, આહવામાં ભારે વરસાદ

અમદાવાદ,તા. ૧૨

અમદાવાદ સહિત ગુજરાતમાં ફરીએકવાર હવામાનમાં પલટો આવ્યો છે. જેના પરિણામ સ્વરુપે આજે ગુજરાતના વિવિધ ભાગોમાં કમોસમી વરસાદ થયો હતો. કેટલીક જગ્યાઓ બરફના કરા પણ પડ્યા હતા. જેથી ફરી એકવાર આશ્ચર્યનું મોજુ ફેલાયું હતું. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી બે ત્રણ દિવસ સુધી હળવા વરસાદી ઝાપટા પડી શકે છે. જો કે, હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરવામાં આવી નથી. સમગ્ર ભારતના હવામાન વિભાગના આંકડા દર્શાવે છે કે, માત્ર ગુજરાતમાં જ નહી બલ્કે અન્ય કટેલાક ભાગોમાં પણ વરસાદી ઝાપટા પડ્યા છે. હવામાન વિભાગ તરફથી આગામી પાંચ દિવસ દરમિયાન સ્થિતિની વાત પણ કરવામાં આવી છે જેના ભાગરુપે પંજાબ, હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, વિદર્ભમાં તોફાની પવન ફુંકાઈ શકે છે. જ્યારે ગુજરાતમાં કેટલીક જગ્યાઓએ વરસાદી ઝાપટા પડી શકે છે. હવામાન વિભાગના કહેવા મુજબ અમદાવાદમાં પણ વરસાદી ઝાપટા પડવાની આગાહી કરવામાં આવી છે. બીજી બાજુ આજે રાજ્યના વિવિધ ભાગોમાં વરસાદ પડ્યો હતો. બાવળાના સરોડા ગામે વિજળી પડતા એક યુવાનનું મોત થયું છે જ્યારે પાદરા નજીક એક મંદિર ઉપર વિજળી પડી હોવાના અહેવાલ મળ્યા છે. ખેડા, નિર્ઝર, નડિયાદ, આણઁદ, આહવા, માંડવીમાં ભારે વરસાદ થયો છે. તોફાની પવન સાથે વરસાદ તુટી પડતા અનેક જગ્યાઓએ વૃક્ષો ધરાશાયી થયા છે. તાપીના નિર્ઝરમાં કરા સાથે વરસાદ થયો છે. જ્યારે નડિયાદમાં પણ બરફના કરા પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે. પહેલાથી ચિંતાતુર થયેલા ખેડૂતો માટે વધુ ચિંતાનું મોજુ ફેલાઈ ગયું છે. તાપમાનમાં એકાએક પલટા વચ્ચે આજે સ્થિતિ બદલાઈ હતી. જો કે મહત્તમ તાપમાન ઘણી જગ્યાએ વધી ગયું છે જે પૈકી સુરતમાં ૩૮ ડિગ્રી સુધી તાપમાન પહોંચ્યું છે. જે દર્શાવે છે કે, તીવ્ર ગરમીનો પણ અનુભવ થઈ રહ્યો છે.

પ્રાપ્ત અહેવાલ મુજબ દરિયાઈ સપાટી ઉપર નીચલા સ્તર પર નવી સ્થિતિનું નિર્માણ થયું છે. અમદાવાદમાં વિવિધ ભાગોમાં હળવા વરસાદી ઝાપટાની આગાહી તંત્ર દ્વારા કરાઈ છે. દરિયા કાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. વરસાદના પરિણામ સ્વરુપે નીચાણવાળા વિસ્તારોમાં માર્ગો ઉપર પાણી પણ દેખાયા હતા. બરફના કરા સાથે વરસાદથી ઉત્તેજના ફેલાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડાક દિવસ પહેલા જ આવી સ્થિતિ સર્જાઈ હતી જેના કારણે રાજ્યના ઘણા ભાગોમાં કમોસમી વરસાદ તુટી પડ્યો હતો. અમદાવાદમાં પણ ભારે વરસાદ થયો હતો.



### ડૉ. વિનુભાઈ પટેલને સારસ્વત એવોર્ડ

આરોગ્ય, શિક્ષણ, વસ્તી સમસ્યા, બેટી બચાવો, એઈડ્સ, બાળ લકવા જેવા વિષયો પર સેંકડો લેખો અને રેડિયો-ટીવી કાર્યક્રમો દ્વારા અનેક જનજાગૃતિના કાર્યો કરનાર તેમજ જીવનોપયોગી ૨૩ સ્વાસ્થ વિષયક ગ્રંથોના ગ્રંથકાર અમદાવાદની આઈઆઈએમના ૧૨ વર્ષ સુધી આઈઆઈસી કન્સલ્ટન્ટ તરીકેની સેવાઓ આપનાર પ્રોફેસર ડૉ. વિનુભાઈ પટેલને રાજ્યપાલ ઓ.પી. કોહલીના હસ્તે સારસ્વત એવોર્ડ એનાયત કરાયો હતો. ડૉ. વિનુભાઈ પટેલ ૧૯૬૮માં અમેરિકાથી આસીસ્ટન્ટ પ્રોફેસરનું પદ છોડી સ્વાસ્થ સેવાઓમાં પ્રદાન કરવા સ્વદેશ પરત ફર્યા હતા.

# મોડાસામાં ધો-૧૦-૧૨ની પરીક્ષાનો પ્રારંભ

## પરીક્ષાર્થીઓને સંચાલક મંડળ અને વિવિધ સંસ્થાઓએ ઉષ્માભેર શુભેચ્છા પાઠવી

મોડાસા, તા.૧૨

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો હતો. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં બોર્ડ દ્વારા ૮૭ પરીક્ષા કેન્દ્રો પર ૮૫ હજારથી વધુ વિદ્યાર્થીએ પ્રથમ દિવસે પરીક્ષા આપી હતી. જેમાં મોડાસા શહેરમાં તમામ પરીક્ષા કેન્દ્રો પર સંચાલક મંડળ અને વિવિધ સામાજીક સંસ્થાઓએ પરીક્ષાર્થીઓને કુમકુમ તિલક કરી સાકરથી મોં મીઠું કરાવી ગુલાબના ફુલ આપી શુભેચ્છા પાઠવી હતી.

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આજે ગુજરાત રાજય શૈક્ષણિક બોર્ડ દ્વારા ધો-૧૦ અને ધો-૧૨ માર્ચ ૨૦૧૫ની પરીક્ષાનો આજે પ્રારંભ થયો હતો. જેમાં આજે સવારે ધો-૧૦ની પરીક્ષા આપવા આવેલ અને બપોરે ધો-૧૨ની પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીઓનો બોર્ડની પરીક્ષાનો તણાવ હળવો કરવા અને



પરીક્ષાનો ભય દૂર કરવાની સાથે પરીક્ષામાં સફળતા મેળવવાના શુભ આશયથી મોડાસા શહેરમાં આવેલા પરીક્ષા કેન્દ્રો જેવા કે મોડાસા હાઈસ્કુલ, સર્વોદય હાઈસ્કુલ, સરસ્વતી વિદ્યાલયના પ્રવેશદ્વાર આગળ મોડાસા શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, જાયન્ટસ ગૃપ, લાયન્સ ગ્રુપ, મારૂતિ વિકાસ મંડળ, મોડાસા શહેર કેળવણી મંડળ વગેરેએ પરીક્ષાર્થીઓને ગુલાબના ફુલ આપી, તિલક કરી સાકર વડે મોં મીઠું કરાવી શાંતિપૂર્વક સ્વચ્છ વાતાવરણમાં પરીક્ષા આપવાની શુભેચ્છાઓ પાઠવી હતી. જેમાં કેળવણી મંડળના પ્રમુખ બિપિન શાહ, સરસ્વતી બાલ મંદિર મંડળના પ્રમુખ નિલેષભાઈ જોષી (જીવદયા પ્રેમી), અરવલ્લી જિલ્લા શિક્ષણ અધિકારી એ.પી. ઝાલા, મોડાસા ટાઉન પી.આઈ. કે.જે.ચૌધરી, સર્વોદય હાઈસ્કૂલના આચાર્ય આર.સી. મહેતા, લાયન્સ કલબ પ્રમુખ પ્રવીણ પરમાર, ડૉ. સંતોષ દેવકર, અતુલ જોષી, ઘાંચી હાઈસ્કૂલના પ્રમુખ રાજાબાબુ, મદની હાઈસ્કુલના પ્રમુખ શબ્બીરખાનજી, મખદૂમ હાઈસ્કુલ પ્રમુખ નઈમ મેગરેજી, કરીમીરમ ગર્લ્સ હાઈસ્કૂલના પ્રમુખ ડૉ. મલેક તેમજ સેક્રેટરીઓ તથા વિવિધ સામાજીક સંસ્થાઓના સભ્યોએ ધો-૧૦ અને ૧૨ના બોર્ડના પરીક્ષાર્થીઓને પરીક્ષામાં ભવ્ય સફળતા મેળવવા શુભેચ્છાઓ પાઠવી હતી.

# સાબરકાંઠા જિલ્લામાં બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ

## ધોરણ ૧૦માં ૩૧ કેન્દ્રો પરથી ૨૨,૯૩૭ પૈકી ૨૨,૫૧૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી

હિંમતનગર, તા.૧૨

રાજયમાં બોર્ડની પરીક્ષાનો આજથી શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો હતો જિલ્લામાં ધોરણ-૧૦ના ૨૨,૯૩૭ વિદ્યાર્થીઓ પૈકી ૨૨,૫૧૪ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે ૪૨૩ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જેમાં ગુજરાતી વિષયનું પેપર સરળ રહેતા વિદ્યાર્થીઓએ હાશકારો અનુભવ્યો હતો. કુલ ૨૨૪૮૧ વિદ્યાર્થીઓ પૈકી ૨૨૦૬૫ પરીક્ષાર્થીઓ હાજર હતા જયારે ૪૧૬ ગેરહાજર રહ્યા હતા. ઉપરાંત અંગ્રેજી વિષયના ૪૦૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ સિવાય સહકાર પંચાયત વિષયના પ્રશ્નપત્રમાં કુલ ૩૬ પરીક્ષાર્થીઓ પૈકી ૩૨ હાજર જયારે ૪ ગેરહાજર રહ્યા હતા તો સંસ્કૃત પ્રથમાના કુલ ૧૬ વિદ્યાર્થીઓ પૈકી ૩ વિદ્યાર્થીઓ ગેરહાજર જયારે ૧૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા ખંડમાં ઉપસ્થિત રહી પરીક્ષા આપી હતી.

જયારે અરવલ્લી જિલ્લામાં ૧૪,૪૮૭ વિદ્યાર્થીઓ પૈકી ૧૮૦૩૬ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૪૫૧ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતા. જેમાં ગુજરાતી વિષયના કુલના ૧૮,૧૮૯ વિદ્યાર્થીઓ પૈકી ૧૭,૭૩૮ હાજર જયારે ૪૫૧ વિદ્યાર્થીએ ગેરહાજર રહ્યા હતા આ ઉપરાંત અંગ્રેજીના ૧૪૦ ને સંસ્કૃત પ્રથમાના ૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હોવાનું જિલ્લા કંટ્રોલ રૂમની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

### ધોરણ-૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં ૩૭૦૬ અને સામાન્ય પ્રવાહમાં ૨૯૫૯ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યમાં ધોરણ-૧૨ બોર્ડની પરીક્ષાનો આજથી શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો હતો. સાબરકાંઠા જિલ્લામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ભૌતિક વિજ્ઞાનના પ્રશ્નપત્રમાં કુલ ૩૭૭૬ વિદ્યાર્થીઓ પૈકી ૭૦ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જ્યારે ૩૭૦૬ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપી હતી. જેમાં ૦૭ અંધ અને અપંગ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં નામાના મૂળતત્વો પ્રશ્નપત્રમાં કુલ ૨૯૭૫ પરીક્ષાર્થીઓ પૈકી ૬ અંધ અને અપંગ તેમજ ૨૯૫૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી જ્યારે ૧૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હોવાનું જિલ્લા કંટ્રોલની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

### અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાં શાંતિ પૂર્ણ માહોલમાં પરિક્ષાનો પ્રારંભ

ધનસુરા, તા. ૧૨

ગુ.મા.શિ.બોર્ડ દ્વારા ધો- ૧૦ અને ધો- ૧૨ ની પરિક્ષાનો આજ રોજ શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભ થયો હતો. જીલ્લા વહીવટી તંત્ર દ્વારા અમલમાં મુકાયેલ એકશન પ્લાન અન્વયે જીલ્લા કલેકટર શ્રી એ બહાર પાડેલ જાહેરનામાનો કડક અમલ થાય તે માટે બાયડ પોલીસ સ્ટેશનના પો.સ.ઈ. વિરલ પટેલ તથા આંબલીયારા પોલીસસ્ટેશનના ઈન્ચાર્જ પો.સ.ઈ ચંદ્રવાડીયાએ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના કેન્દ્રો પર કડક પોલિસ બંદોબસ્ત ગોઠવ્યો હતો.

જેમાં ૨૦૦ મીટર ની ત્રિજયામાં અનિધકૃત વ્યકિતનો પ્રવેશ થવા પર પ્રિતબંધ , ઝેરોક્ષ મશીનો ચાલુ રાખવા પર પ્રતિબંધ તથ વાહન પાર્કિંગ થી માંડી ટ્રિફક વ્યવસ્થા સુધીની સાવચેતી રાખી પોલીસ અીધકારીઓના માર્ગ દર્શન હેઠળ ફરજ પરના પોલિસ કર્મીઓ એ નિષ્ઠા પૂર્વક ફરજ બજાવી પરિક્ષા કામગીરીમાં સહકાર આપ્યો હતો.

# મોડાસામાં પોલીસ ભરતી અંગે માર્ગદર્શન સેમિનાર યોજાયો



વડાગામ, તા.૧૨

મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત પી.એસ. સીસી કેરિયર ડેવલપમેન્ટ એકેડમી અને મોડાસા આર્ટસ કોલેજના ઉપક્રમ પોલીસ ભરતી અંગે ફ્રી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.

આ સમારંભમાં મંડળના ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ શાહ, સુભાષ શાહ, નિલેશ જોષી, પ્રફુલ્લભાઈ ગઢવી, ડો. સંતોષ દવકર, દિપકભાઈ જોષી, આર.આર. રોહિત વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમના આરંભે પ્રફુલ્લભાઈ ગઢવીએ પી.એસ.આઈ. એ.એસ. આઈ. અને પોલીસ લોકરક્ષકની ભરતીમાં શારીરિક કસોટી પાસ કરનાર ઉમેદવારને લેખિત પરીક્ષા અંગે પરીક્ષાલક્ષી માહિતી અને માર્ગદર્શન પુરું પાડયું હતું અને અંતે ભાગ લેનાર તમામ ઉમેદવારોને પરીક્ષા લક્ષી સાહિત્ય ફ્રી આપી આશીર્વચન આપ્યું હતું. દર શનિ રવિના માર્ગદર્શક વર્ગો નિયમિતપણે ચાલશે જેમાં માત્ર કોલેજ કેમ્પસના જ નહી પરંતુ તમામ અરવલ્લી જિલ્લાના વિદ્યાર્થીઓ કે જેમણે શારીરિક કસોટી પાસ કરેલ ભાગ લઈ શકે છે. જે માટે કોઓર્ડિનેટર ડો. સંતોષ દેવકરનો સંપર્ક કરવા જણાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન વ્રજેશભાઈ પંડયાએ કર્યું હતું. કાર્યક્રમની સફળતા માટે નવીનચંદ્ર મોદી અને ડો. ઘનશ્યામ શાહે શુભેચ્છાઓ પાઠવી હતી.

### મેઘરજના સાત ગામડાઓમાં વીજ તંત્રના દરોડા : ૧.૧૫ લાખની વીજ ચોરી ઝડપાઈ

ઈસરી, તા.૧૨

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં જુદા જુદા વિસ્તારના સાત જેટલા ગામડાઓમં વીજતંત્ર દ્વારા દિવસ ઉગતાની સાથે જ દરોડા પડતા ૧૨ જેટલા વીજ જોડાણો કપાયા હતા.

મોડાસા ડિવિઝનમાંથી મોડાસા માલપુર મેઘરજ સહિત ડિવિઝનના અધિકારીઓ સાત ગાડીઓના કાફલા સાથે મેઘરજના સાત જેટલા ગામોમાં અધિકારીઓએ કુલ ૧૮૩ ખેતીના અને રહેણાંકના વીજ જોડાણ વીજ ચોરીના પકડી પાડયા હતા. જેમાં વીજ ચોરીથી બોરની મોટર ચલાવતા હતા અનો ગેરકાયદેસર આંકડીઓથી અનોક વીજ ઉપકરણોનો ઉપયોગ કરતા ૧૨ વીજ જોડાણો ઝડપાયા હતા અને વીજ તંત્રના અધિકારીઓ એ રૂ. ૧.૧૫ લાખની ચોરીનો દંડ કર્યો હતો.

# બાલવામાં શ્રી ત્રિલોકનાથ વાત્સલ્ય વાટીકાનો શુભારંભ

ગાંધીનગર, તા. ૧૨

બાલવા ગામે શ્રી ગીરનારી આશ્રમ બાલવા ખાતે નવનિર્માણ થયેલ શ્રી ત્રિલોકનાથ વાત્સલ્ય વાટીકાનો શુભારંભ મે મહિનાથી શરૂ થશે.

જેમણે માતા-પિતાની છત્રછાયા ગુમાવી દીધી છે અથવા તો મા-બાપ બેમાંથી એકની છત્રછાયા ગુમાવી દીધેલ છે તેવી દિકરીઓ માટે વિના મુલ્યે રહેવાની જમવાની તથા ભણવાની વ્યવસ્થા કરેલ છે.

પરમ વિદૂષિ પ.પૂ. સાધ્વીશ્રી ગીતાદીદી પ્રેરિત વાત્સલ્ય વાટીકાનો શુભારંભ થયો છે. તો આપના વિસ્તારમાં રહેતી આવી દિકરીઓને સંસ્થામાં પ્રવેશ મેળવવા જણાવશો. શ્રી ગીરનારી આશ્રમ, હોટલ ટહુકાની બાજુમાં ગાંધીનગર-માણસા હાઈવે રોડ, બાલવા. ફોન નં. ૮૧૪૧૧ ૫૧૧૫૨, ૯૪૨૭૭૪૫૮૯૬ નો સંપર્ક સાધવા જણાવેલ છે.

## શબ્દાવલી - ૫૬૬૮



### આડી ચાવી

- ૧. એક રમત, બાઇબાઇ ચારણી (૬)
- ૬. ભૂખ્યું, ભોગની ઇચ્છાવાળુ (૩)
- ૭. અંટી, કાચની ગોળ (૩)
- ૮. અવાજ (૨)
- ૧૦. દૃષ્ટિ, લક્ષ (૩)
- ૧૨. ડબ્બો, બરણી (૨)
- ૧૩. મોજ, આનંદ (૨)
- ૧૫. અગ્નિ, પવિત્ર કરનાર (૩)
- ૧૬. બરફ, ઠંડુ (૨)
- ૧૭. કારાગાર (૨)
- ૧૮. આકાશ, અભ્ર (૨)
- ૨૦. ગતિ, વેગ (૪)
- ૨૧. ચક્ષુ, નયન (૨)

### ઊભી ચાવી

- ૧. કાબુલ દેશનો રહેવાસી (૩)
- ૨. નેત્ર દાન (૪)
- ૩. મીઠો અવાજ (૪)
- ૪. ચતુર, એક પક્ષી (૩)
- ૫. ઇમારતી લાકડુ વેચવાની દુકાન (૨)
- ૯. સોનું, હેમ (૩)
- ૧૧. આજન્મ (૫)
- ૧૨. કેવળ, ફક્ત (૩)
- ૧૩. પિયર (૪)
- ૧૪. પિયર (૪)
- ૧૫. પાયલ, ઝાંઝર (૩)
- ૧૮. પિયા, પપ્પા, બાપા (૨)
- ૧૯. ઝેર, શોમલ (૨)

### શબ્દાવલી ૫૬૬૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) સાપસીડી (૩) અખાત (૬) ગપ્પા (૭) અભિજાત (૮) ચિત્તભ્રમ (૯) તસ્વીર (૧૧) ચાહ (૧૪) ખાર (૧૫) પડા (૧૭) ડહાપણડાહ્યુ (૧૯) કરકમલ

**ઊભી ચાવી :-** (૨) સાગરીત (૨) પપ્પા (૩) અભિમન્યુ (૪) ખાજા (૫) તતડાટ (૭) અભ્ર (૮) ચિર (૧૦) સ્વીકાર (૧૨) હરપલ (૧૩) લપડાક (૧૪) ખારેક (૧૬) ડાહ્યુ (૧૭) ડક (૧૮) હામ

### પર્યાવરણના ભોગે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંસ્થાઓના પ્રતિનિધિઓ, નાગરિકોએ જિલ્લા કલેક્ટર શીવશંકર અને મેયર મહેન્દ્રસિંહ રાણાને આવેદનપત્ર સુપરત કર્યું હતું. આગામી દિવસોમાં પ્રધાનમંત્રી, કેન્દ્રીય વન પર્યાવરણ મંત્રીથી લઈ રાજ્યના મુખ્યમંત્રી તથા સંબંધિતોને આવેદનપત્ર આપવા ઉપરાંત સહી ઝુંબેશ, પોષ્ટકાર્ડ લેખન, મૌન રેલી, કેન્ડલ લાઈટ, ચીપકો આંદોલ, પત્રિકા વિતરણ, ધરણાં ઉપવાસ સહિતના કાર્યક્રમો અપાશે. આ સંદર્ભે તા. ૧૬ માર્ચ સોમવારે સાંજે ૫.૩૦ કલાકે ઘ-૪ સર્કલ વીસ્ટા ખાતે જાહેર બેઠક યોજાનાર છે. તમામ સંસ્થાઓ અને પર્યાવરણ પ્રેમીઓને ઉપસ્થિત રહેવા જાહેર અપીલ કરવામાં આવી છે.

### વિદાય સમારંભ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવાની મને તક મળી તેને હું ધન્ય ભાવ ગણું છું. હું એક ગુજરાતી તરીકે આ માતૃભૂમિનો સદાય ઋણી રહીશ.

ઉલ્લેખનીય છે કે શ્રી ભાગ્યેશ જહાએ સનદી અધિકારી તરીકે ૩૫ વર્ષની સફળ કારકિર્દી દરમિયાન ખેડા અને વડોદરા કલેકટર, ઈન્ડેક્ષ્ટ-બીમાં મેનેજીંગ ડિરેકટર, માહિતી કમિશનર તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓ વિભાગના સચિવ તરીકે રાજય સરકારમાં -સંશનીય કામગીરી કરી છે. શ્રી જહાએ સનદી અધિકારીની સાથે સાથે એક કવિ, લેખક, કલાવિદ અને સંસ્કૃત ભાષાના દૂત- સંવાહક તરીકેની ભૂમિકા પણ પુસ્તકોના લેખન, કવિતા સર્જન, ખેલમહાકુંભ, વસંતોત્સવ, સંસ્કૃતોત્સવ અને દાંડી કુટિર જેવા નવા સર્જનો- કાર્યક્રમોના આયોજન બેખૂબી નિભાવ્યા છે.

આ વિદાય -સગે અધિક મુખ્ય સચિવશ્રી જે.એન. સિંઘ, શ્રી અરવિંદ અગ્રવાલ, શ્રી ડી.એન. પાંડે, શ્રી પી.કે. પરમાર જેવા ઉચ્ચ સનદી અધિકારીઓ / કર્મચારીઓએ ઉપસ્થિત રહીને શ્રી જહાની કામગીરીને બિરદાવી નિવૃત્તિ જીવન સુખમય અને નિરામય રહે તે માટે શુભેચ્છાઓ આપી હતી.

**ટૂંકી મુદતની જાહેર નિવિદા નં.-૫-૨૦૧૪-૧૫**

જિલ્લા પંચાયત ગાંધીનગર સે.૧૭ પશુપાલન શાખા (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૫૦) હસ્તકના પશુદવાખાના માટે ઓફીસ ફર્નિચર ખરીદવા માટે જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૩માં ટીન નં. / પાન કાર્ડની ઝેરોક્ષ કોપી રજૂ કર્યેથી કચેરીના કામકાજના દિવસો દરમિયાન ૧૧-૦૦ થી ૧૮-૦૦ કલાક સુધી ફર્નિચર ખરીદી માટેનું પત્રક અત્રેથી આપવામાં આવશે. પત્રકમાં જણાવ્યા મુજબનું ફર્નિચરનું પત્રક ભરી આ કચેરીને મોડામાં મોડા તા. ૧૮/૩/૧૫ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂબરૂ / રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મદદનીશ પશુપાલન નિયામકશ્રી, પશુપાલન શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર. સે.૧૭ને મળે તે રીતે બંધ કવરમાં મોકલી આપવાના રહેશે.

સહી/-
મદદનીશ પશુપાલન નિયામક
જિલ્લા પંચાયત, ગાંધીનગર

iNDEXT-c

**હિસાબોના ઓડીટ / પ્રી-ઓડીટ તેમજ તે લગત આનુસાંગિક કામગીરી માટે ચાર્ટડ એકાઉન્ટન્ટની સેવાઓ લેવા અંગેના ટેન્ડર અંગે**

આ સંસ્થાના વર્ષ ૨૦૧૫-૨૦૧૬ના વાર્ષિક હિસાબો પ્રી-ઓડીટ તેમજ તે લગત આનુષાંગિક કામગીરી માટે ચાર્ટડ એકાઉન્ટની અનુભવી સંસ્થા / પેઢી પાસેથી ટેન્ડર દ્વારા ઓફરો મંગાવવામાં આવે છે. ગાંધીનગર સ્થિત રસ ધરાવનાર ચાર્ટડ એકાઉન્ટન્ટની પેઢીઓએ આ માટેનું ટેન્ડર ઈન્ડેક્ષ્ટ-સીની ગાંધીનગર ખાતીને કચેરીએથી જાહેરાત પ્રસિદ્ધ થયેથી કામકાજના દિવસો દરમિયાન (જાહેર રજા, રવિવાર તથા બીજા-ચોથા શનિવાર સિવાયના દિવસો) તા. ૨૦/૩/૧૫ના બપોરના ૧૬.૦૦ કલાક સુધી મેળવી લઈ આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી તા. ૨૫/૩/૧૫ સુધીમાં સીલબંધ કવરમાં ટેન્ડર કવર ઉપર 'હિસાબોના ઓડીટ / પ્રી-ઓડીટ તેમજ તે લગત આનુસાંગિક કામગીરી માટે ચાર્ટડ એકાઉન્ટન્ટની સેવાઓ લેવા અંગેના ટેન્ડર' એમ સ્પષ્ટ અક્ષરોમાં લખી મોકલી આપવાના રહેશે. આ પ્રકારના લખાણ વગરનું ટેન્ડર માન્ય ગણાશે નહીં. નોન-રીફંડેબલ ટેન્ડર ફી પેટે રૂ. ૫૦૦/- રોકડા અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ ભરી ટેન્ડર મેળવી શકાશે.

**કાર્યવાહક નિયામક, ઈન્ડેક્ષ્ટ-સી (ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ)**
**બ્લોક નં. ૭/૧, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર**
**ફોન નં. ૦૭૯-૨૩૨૫૪૨૬૩, ઈ-મેઈલ :** exdire-indext-c@gujarat.gov.in

**માહિતી/૨૫૯૩/૨૦૧૪-૧૫**